**29.11.2022** પ્રાતઃમુરલી મધુબન
ઓમ શાંતિ
બાપદાદા

" મીઠાં બાળકો - તમારે મનુષ્ય થી દેવતા બનવાનું છે , એટલે દૈવી ફઝીલત ( મેનર્સ ) ધારણ કરો , આસુરી અવગુણો ને છોડતા જાઓ , પાવન બનો"

પ્રશ્ન :- દૈવી મેનર્સ ધારણ કરવા વાળા ની પરખ કઈ એક વાત થી થઈ શકે છે?

ઉત્તર :- સર્વિસ (સેવા) થી. ક્યાં સુધી પતિત થી પાવન બન્યાં છે અને કેટલાને પાવન બનાવવાની સેવા કરે છે! સારા પુરુષાર્થી છે કે હમણાં સુધી આસુરી અવગુણ છે? આ બધું સર્વિસ થી ખબર પડે છે. તમારું આ ઈશ્વરીય મિશન છે જ દૈવી ફઝીલત શિખવાડવાનું. તમે શ્રીમત પર પતિત મનુષ્ય ને પાવન બનાવવાની સેવા કરો છો.

ગીત :- ઓમ્ નમો શિવાય.....

ઓમ્ શાંતિ ! ભક્તિમાર્ગ માં મહિમા કરે છે - શિવાય નમઃ.... ઊંચા માં ઊંચા શિવ, એમને જ શિવ પરમાત્માય નમઃ કહેવાય છે. બ્રહ્મા દેવતાય નમઃ, વિષ્ણુ દેવતાય નમઃ કહેવાય છે અને શિવ પરમાત્માય નમઃ....... ફરક થયો ને. પરમાત્મા એક છે, એ ઊંચા માં ઊંચા છે. એમની મહિમા પણ ઊંચી છે. આ સમયે ઊંચા માં ઊંચુ કર્તવ્ય કરે છે. એમનું ધામ પણ ઊંચા માં ઊંચુ છે. નામ પણ ઊંચુ છે બીજા કોઈને પરમાત્મા નથી કહેતાં. પરમાત્મા માટે જ ગાયન છે-હે પતિત-પાવન, આવે પણ છે પતિત દુનિયા અને પતિત શરીર માં. પતિત શરીરનું નામ છે પ્રજાપિતા બ્રહ્મા. આમાં પ્રવેશ કરી કહે છે હું અનેક જન્મો નાં અંત વાળા સાધારણ મનુષ્ય તન માં પ્રવેશ કરું છું. સૂક્ષ્મવતન વાસી સંપૂર્ણ બ્રહ્મામાં નથી આવતાં. સ્વયં કહે છે આમનાં અનેક જન્મો નાં અંતનાં જન્મ માં આવું છું. અધિક જન્મ લે છે જ રાધા-કૃષ્ણ. એમના અનેક જન્મો નાં અંતનો જન્મ સાધારણ છે. એમ તો કહેતાં નથી કે હું પાવન શરીરમાં પ્રવેશ કરું છું. ભગવાનુવાચ હું સાધારણ તન માં આવું છું. હવે ભગવાન જરુર આવીને આ સાધારણ તન દ્વારા આત્માઓને સમજાવે છે કે હું પરમપિતા પરમાત્મા છું. હું કૃષ્ણનો આત્મા નથી, ન બ્રહ્મા, વિષ્ણુ, શંકરનો આત્મા છું. હું પરમપિતા પરમાત્મા છું, જેમને શિવ પરમાત્માય નમઃ કહેવાય છે. હું આમનામાં આવ્યો છું. હું સૂક્ષ્મવતન વાસી બ્રહ્મામાં પ્રવેશ નથી કરતો. મારે તો અહીં પતિતોને પાવન બનાવવાનાં છે. મારા દ્વારા જ આ સૂક્ષ્મવતન વાસી બ્રહ્મા પાવન બન્યાં છે, એટલે આમને સૂક્ષ્મમાં દેખાડ્યા છે. કેટલું સારી રીતે સમજાવે છે. પરંતુ મનુષ્ય સાંભળ્યું ન સાંભળ્યું કરી ઉલ્ટી વાતો પર ચાલતાં રહે છે. આસુરી બુદ્ધિ થી સાંભળે છે. ઈશ્વરીય બુદ્ધિ થી સાંભળે તો સંશય બધો ખતમ થઈ જાય. ત્રિમૂર્તિ નું ચિત્ર દેખાડ્યા વગર સમજાવવું મુશ્કેલ છે. એમણે ત્રિમૂર્તિ બ્રહ્મા નામ રાખી દીધું છે કારણ કે શિવબાબા પ્રજાપિતા બ્રહ્મા દ્વારા નવી દુનિયાની રચના રચે છે. આપ બાળકો હમણાં સન્મુખ બેઠા છો. બધાં પતિત થી પાવન બની રહ્યાં છે. જેટલાં જે બનશે તે સર્વિસ (સેવા) થી દેખાશે. આ સારા પુરુષાર્થી છે, આમનામાં હજું અવગુણ છે. દેવતાઓમાં દૈવી ગુણ હતાં. દરેક પોતાનાં આસુરી ગુણ અને એમનાં દૈવી ગુણ વર્ણન કરે છે. હવે આસુરી અવગુણો ને છોડવાનાં છે. નહીં તો ઊંચ પદ નહીં મેળવી શકો.

બાપ સમજાવે છે - બાળકો દૈવી ગુણ ધારણ કરો. ખાવા-પીવા, ચાલવામાં ફઝીલત જોઈએ. પતિત મનુષ્યો ને બદફઝીલત કહેવાશે. દેવતાઓ ફઝીલત (મેનર્સ) વાળા છે, ત્યારે તો એમનું ગાયન છે. દરેકે પુરુષાર્થ કરવાનો છે - જે કરશે, તે મેળવશે. હમણાં ભગવાન તમને સહજ રાજયોગ અને જ્ઞાન શિખવાડી રહ્યાં છે. જ્ઞાન સાગર એક બાપ છે, જે તમને જ્ઞાન આપીને સદ્દગતિ માં લઈ જાય છે. એમને જ સુખદેવ પણ કહેવાય છે. તો અહીંની બધી વાતો ન્યારી છે. જે બ્રાહ્મણ બનવા વાળા હશે એમની જ બુદ્ધિમાં આ જ્ઞાન બેસશે. ખાસ કરીને પૂછે છે - દાદા ને બ્રહ્મા કેમ બનાવ્યાં છે? બોલો, આ વાતો ને બેસીને સમજો. અમે તમને આમનાં ૮૪ જન્મોની કહાની સંભળાવીએ. બધાં બ્રહ્માકુમાર-બ્રહ્માકુમારીઓ પાવન બની દેવતા બની જશે. પાવન બન્યાં વગર વારસો મળી ન શકે. ભગવાન ઊંચા માં ઊંચા નિરાકાર શિવબાબા છે. વારસો આપવા માટે જરુર બ્રહ્મા તન માં આવશે. આ પ્રજાપિતા બ્રહ્મા છે, સૂક્ષ્મ વતનવાસી બ્રહ્માને પ્રજાપિતા નહીં કહેશે. ત્યાં થોડી પ્રજા રચશે. આપણે બ્રહ્માકુમાર કુમારીઓ સાકાર માં છીએ તો પ્રજાપિતા બ્રહ્મા પણ સાકાર માં છે. આ રહસ્ય આવીને સમજો. અમે આ દાદા ને

ભગવાન નથી કહેતાં. આ પ્રજાપિતા છે, આમના તન માં શિવબાબા આવે છે, પાવન બનાવવાં. અહીં કોઈ પાવન નથી. ત્રિમૂર્તિ શિવ ની બદલે ત્રિમૂર્તિ બ્રહ્મા કહી દીધું છે. પરંતુ ત્રિમૂર્તિ બ્રહ્માનો કોઈ અર્થ નથી. બ્રહ્માને મનુષ્ય નાં રચયિતા પણ કહે છે એટલે પ્રજાપિતા કહેવાય છે. એમનામાં એ નિરાકાર પ્રવેશ કરી વારસો આપે છે. સૂક્ષ્મવતન વાસી બ્રહ્મા પાવન છે. એ પતિત થી પાવન બનાવે છે. અમે બ્રાહ્મણ પણ પતિત થી પાવન દેવતા બનીએ છીએ. શિવ પરમાત્માય નમઃ કહેવાય છે. બ્રહ્મા, વિષ્ણુ, શંકર ને દેવતા કહેવાય છે. ભગવાન જ ભક્તોનાં રક્ષક છે. એ જ બધાંને સદ્દગતિ આપશે. પતિત-પાવન છે તો જરુર આવીને પતિતો ને પાવન બનાવશે. પહેલાં-પહેલાં પાવન છે લક્ષ્મી-નારાયણ. એ જરુર પુનર્જન્મ લેતાં હશે. ૮૪ જન્મ પૂરાં થયાં પછી સાધારણ મનુષ્ય બની જાય છે. એમનામાં પછી બાપ પ્રવેશ કરે છે. તો આ વ્યક્ત બ્રહ્મા, એ અવ્યક્ત બ્રહ્મા. સૂક્ષ્મવતન માં સૃષ્ટિ નથી રચાતી. ખાસ કરીને લોકો આ વાત પર મૂંઝાય છે તો તમારે સમજાવવાનું છે. બાપ કહે છે હું અનેક જન્મો અર્થાત્ ૮૪ જન્મો નાં અંત નાં જન્મમાં પ્રવેશ કરું છું. ભારતમાં પહેલાં દેવી-દેવતા આવ્યાં, તેઓ પછી અંતમાં થઈ જશે. પછી પહેલાં તેઓ જ જઈને દેવી-દેવતા બનશે. વિરાટ રુપ નું ચિત્ર પણ જરુર હોવું જોઈએ. બાળકોએ અર્થ સહિત બનાવ્યું છે. બ્રાહ્મણ ચોટલી, દેવતા માથુ, ક્ષત્રિય ભુજાઓ, વૈશ્ય પેટ, શૂદ્ર પગ. શૂદ્ર પછી ફરી બ્રાહ્મણ. વર્ણો નું પણ ચક્ર થયું ને. આ પણ સમજવાનું અને સમજાવવાનું છે.

બાબાએ ઘણી વાર સમજાવ્યું છે કે સમાચાર પત્ર માં આવે છે ફલાણા સ્વર્ગવાસી થયાં, તો એમને ચિઠ્ઠી લખવી જોઈએ કે સ્વર્ગવાસી થયાં તો જરુર નર્ક માં હતાં. અને હમણાં છે જ નર્ક તો જરુર પુનર્જન્મ નર્ક માં લેશે. જો સ્વર્ગ માં ગયાં તો પછી તમે એમને બોલાવીને નર્ક નું ભોજન કેમ ખવડાવો છો? તમે રડો કેમ છો? પરંતુ આટલી બુદ્ધિ નથી જે સમજે કે સ્વર્ગની સ્થાપના તો બાપ જ આવીને કરે છે. રાજયોગ શિખવાડે છે. આપ બ્રાહ્મણ સંગમ પર બાપ પાસે થી વારસો લઈ રહ્યાં છો, બાકી બધાં છે કળિયુગ માં. સંગમ પર આત્મા પરમાત્મા મળી રહ્યાં છે, આને કુંભ નો મેળો કહેવાય છે. આપ જ્ઞાનગંગાઓ જ્ઞાનસાગર થી નીકળી છો. ભક્તિમાં સમજે છે - ગંગા માં સ્નાન કરવાથી પાવન બની જશો. પાવન બનવું તો તમારાં મિશન નું કર્તવ્ય છે. આ છે ઈશ્વરીય મિશન. તમે જ પતિત મનુષ્ય ને પાવન દેવતા બનાવો છો શ્રીમત પર. શ્રીકૃષ્ણ પતિત-પાવન નથી. એ પૂરાં ૮૪ જન્મ લે છે. પહેલાં છે લક્ષ્મી-નારાયણ પછી અંત માં બ્રહ્મા સરસ્વતી. આદિ દેવ, આદિ દેવી બને છે, હવે આ વાતો કોણે સમજાવી? શિવ પરમાત્માય નમઃ ગાય પણ છે - હે પરમપિતા પરમાત્મા તમારી ગત મત સૌથી ન્યારી છે. એ શ્રીમત આપે છે ગતિ માટે. ગતિ અને સદ્દગતિ. દુર્ગતિવાળા ની સદ્દગતિ કરવા વાળા. એમની શ્રીમત બધાં મનુષ્યો થી ન્યારી છે. બાકી ભક્તિમાર્ગ છે ઘોર રાત્રિ, અડધોકલ્પ છે જ્ઞાન દિવસ. શિવબાબા કહે છે હું અંધારી રાત્રે આવું છું, રાત ને દિવસ બનાવવાં. આ જ્ઞાન એક જ જ્ઞાન સાગર શિવબાબા ની પાસે છે. ઋષિ મુનિ વગેરે બધાં કહેતાં આવ્યાં છે કે પરમાત્મા બેઅંત છે. બાપ ને નથી જાણતાં એટલે નાસ્તિક થયાં. અડધોકલ્પ છે નાસ્તિક, અડધોકલ્પ છે આસ્તિક. તમે હવે બાપ ને, બાપની રચના નાં આદિ-મધ્ય-અંત ને જાણો છો બીજું કોઈ નથી જાણતું એટલે કહેવાય છે - નિધન નાં. અનેક ધર્મ અનેક મતો થઈ ગઈ છે. હવે બાપ કહે છે આ જૂની દુનિયાનો સંન્યાસ કરવાનો છે. યાદ કરવાનાં છે શાંતિધામ અને સુખધામ ને. જેટલું યાદ કરશો એટલું ઊંચ પદ મેળવશો. ગૃહસ્થ વ્યવહાર માં ભલે રહો પણ ફક્ત પવિત્ર બનો. ધંધા વગર ગૃહસ્થ કેવી રીતે ચાલશે. ફક્ત પવિત્ર બનવાનું છે અને બાપ ને યાદ કરવાનાં છે. બાપ કહે છે હું સોની પણ છું. તમારો આત્મા અને શરીર બંને પતિત છે એટલે તમારો આત્મા જ્યારે પાવન બને ત્યાર પછી શરીર પણ પાવન મળે. સાચ્ચા સોના નાં ઘરેણા પણ એવાં બનશે ને. હમણાં તો આત્મા અને શરીર બંને આયરન એજેડ (કળિયુગી) છે. પછી પાવન બનવાની યુક્તિ બાપ બતાવે છે એટલે કહે છે તમારી ગત મત, શ્રીમત સૌથી ન્યારી છે. હમણાં તમે જાણો છો આ સદ્દગતિ નો રસ્તો કોઈ બતાવી ન શકે. ગાયન થાય છે તો જરુર કાંઈક કરીને ગયાં છે. હમણાં કળિયુગ છે પછી સતયુગ થવાનો (આવવાનો) છે. સંગમ પર તમે બેઠાં છો. તમે બ્રહ્માવંશી બ્રાહ્મણ છો. કમળ ફૂલ સમાન પવિત્ર રહો છો. તમારું માયા સાથે યુદ્ધ છે. માયા થી જ ઘણાં ફેલ (નાપાસ) થઈ જાય છે. કામ નો ઘુંસો જોર થી લાગે છે. બાબા કહે છે ખબરદાર રહો. જો પડ્યા તો પછી કોઈને કહી નહીં શકો કે કામ મહાશત્રુ છે. બાપ કહે છે છતાં પણ પુરુષાર્થ કરો, એકવાર હાર્યા, બીજી વાર હાર્યા પછી જો ત્રીજી વાર હાર્યા તો ખતમ. પદ ભ્રષ્ટ થઈ જશે. પ્રતિજ્ઞા કરી છે તો એનાં પર પૂરું રહેવાનું છે. પ્રતિજ્ઞા કરી પછી પતિત ન બનવું જોઈએ. પરંતુ બધાં તો પ્રતિજ્ઞા પર કાયમ નથી રહેતાં. પડતા પણ રહે છે. કોઈ પછી બાપ ને છોડી પણ દે છે. ઘણાં ભાગવાવાળા પણ છે. અંતમાં તમને પૂરો સાક્ષાત્કાર થશે કે કોણ શું બનશે! પુરુષાર્થ પૂરો કરવો જોઈએ. જે દુઃખ આપે છે તે દુઃખી થઈને મરે છે. બાપ તો બધાંને સુખ આપવા વાળા છે. તમારું પણ કામ છે બધાંને સુખ આપવું. કર્મણા માં પણ કોઈને દુઃખ

આપ્યું તો દુઃખી થઈને મરશો. પદ પણ ભ્રષ્ટ થઈ જશે. બેહદનાં બાપ સાથે પૂરાં ફરમાનવરદાર, વફાદાર થઈને રહેવાનું છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. બાપ ની સાથે વફાદાર, ફરમાનવરદાર થઈને રહેવાનું છે. ક્યારેય કોઈને દુઃખ નથી આપવાનું.
2. બાપ પાસે થી પૂરો વારસો લેવા માટે પવિત્ર બનવાનો પુરુષાર્થ કરવાનો છે. કામ નો માર ક્યારેય નથી ખાવાનો. એનાંથી ખૂબ સાવધાન રહેવાનું છે.

વરદાન :- માલિકપણાની સ્મૃતિ થી શક્તિઓને ઓર્ડર ( આદેશ ) પ્રમાણે ચલાવવા વાળા સ્વરાજ્ય અધિકારી ભવ

બાપ દ્વારા જે પણ શક્તિઓ મળી છે એ બધી શક્તિઓને કાર્યમાં લગાવો. સમય પર શક્તિઓને યુઝ (ઉપયોગ) કરો. ફક્ત માલિકપણા ની સ્મૃતિ માં રહીને પછી ઓર્ડર કરો તો શક્તિઓ તમારો ઓર્ડર માનશે. જો કમજોર થઈને ઓર્ડર કરશો તો નહીં માને. બાપદાદા બધાં બાળકોને માલિક બનાવે છે, કમજોર નહીં. બધાં બાળકો રાજા બાળકો છે કારણ કે સ્વરાજય તમારો બર્થ રાઈટ (જન્મ સિધ્ધ અધિકાર) છે. આ બર્થ રાઈટ કોઈ પણ છીનવી નથી શકતું.

સ્લોગન :- ત્રિકાળદર્શી સ્થિતિમાં સ્થિત રહીને દરેક કર્મ કરો તો સફળતા મળતી રહેશે.

માતેશ્વરીજી નાં અણમોલ મહાવાક્ય

હવે આ જે આપણે કહીએ છીએ કે પ્રભુ અમને બાળકોને એ પાર લઈ જાઓ, એ પાર નો મતલબ શું છે? લોકો સમજે છે એ પાર નો મતલબ છે જન્મ મરણ નાં ચક્રમાં ન આવવું અર્થાત્ મુક્ત થઈ જવું. હવે આ તો થયું મનુષ્યોનું કહેવાનું પરંતુ એ કહે છે બાળકો, સાચ્ચે જ જ્યાં સુખ શાંતિ છે, દુઃખ અશાંતિ થી દૂર છે એને કોઈ દુનિયા નથી કહેતું. જ્યારે મનુષ્ય સુખ ઈચ્છે છે તો તે પણ આ જીવનમાં હોવું જોઈએ, હવે એ તો સતયુગી વૈકુંઠ દેવતાઓની દુનિયા હતી જ્યાં સર્વદા સુખી જીવન હતું, એ જ દેવતાઓને અમર કહેતાં હતાં. હવે અમર નો પણ કોઈ અર્થ નથી. એવું તો નથી દેવતાઓનું આયુષ્ય એટલું મોટું હતું જે ક્યારેય મરતા નહોતાં, હવે આમ કહેવું એમનું ખોટું છે કારણ કે એવું નથી. એમનું આયુષ્ય કોઈ સતયુગ ત્રેતા સુધી નથી ચાલતું, પરંતુ દેવી-દેવતાઓ નાં જન્મ સતયુગ ત્રેતા માં અધિક છે, ૨૧ જન્મ તો એમણે સારું રાજ્ય ચલાવ્યું છે પછી ૬૩ જન્મ દ્વાપર થી કળિયુગ નાં અંત સુધી ટોટલ એમનાં જન્મ ચઢતી કળા વાળા ૨૧ થયાં અને ઉતરતી કળા વાળા ૬૩ થયાં, ટોટલ મનુષ્ય ૮૪ જન્મ લે છે. બાકી આ જે મનુષ્ય સમજે છે કે મનુષ્ય ૮૪ લાખ યોનીઓ ભોગવે છે, આ કહેવું ભૂલ છે. જો મનુષ્ય પોતાની યોની માં સુખ-દુઃખ બંને પાર્ટ ભોગવી શકે છે તો પછી જાનવર યોનીમાં ભોગવવાની જરુર જ શું છે. હવે મનુષ્યો ને આ જ્ઞાન જ નથી, મનુષ્ય તો ૮૪ જન્મ લે છે, બાકી સૃષ્ટિ પર જાનવર પશુ, પક્ષી વગેરે ટોટલ ૮૪ લાખ યોનિઓ હોઈ શકે છે. અનેક પ્રકારની જેમકે પેદાઈશ છે, એમાં પણ મનુષ્ય, મનુષ્ય યોનિમાં જ પોતાનું પાપ પુણ્ય ભોગવી રહ્યાં છે. અને જાનવર પોતાની યોનિઓમાં ભોગવી રહ્યાં છે. નથી મનુષ્ય જાનવરની યોનિ લેતાં અને નથી જાનવર મનુષ્ય યોનિ માં આવતાં. મનુષ્ય ને પોતાની યોનિ માં (જન્મ માં) ભોગના ભોગવવી પડે છે તો દુઃખ સુખ નો અનુભવ થાય છે. એવી રીતે જ જાનવર ને પણ પોતાની યોનિ માં સુખ દુઃખ ભોગવવાનું છે. પરંતુ એમનામાં આ બુદ્ધિ નથી કે આ ભોગના કયા કર્મથી થઈ છે? એની ભોગના ને પણ મનુષ્ય ફીલ કરે (અનુભવે) છે કારણ કે મનુષ્ય છે બુદ્ધિવાન, બાકી એવું નથી મનુષ્ય કોઈ ૮૪ લાખ યોનિઓ ભોગવે છે. જડ ઝાડ પણ યોનિ લે છે, આ તો સહજ અને વિવેકની વાત છે કે જડ ઝાડે કયું કર્મ અકર્મ કર્યું છે જે એનો હિસાબ-કિતાબ બનશે, જેમકે જુઓ ગુરુનાનક સાહેબે એવાં મહા વાક્ય ઉચ્ચારણ કર્યા છે - અંતકાળ માં જે પુત્ર સિમરે એવી ચિંતામાં જે મરે સુવર (ડુક્કર) ની યોનિ માં વલવલ ઉતરે.... પરંતુ આ કહેવાનો મતલબ એ નથી કે મનુષ્ય કોઈ ડુક્કર ની યોનિ લે છે પરંતુ ડુક્કર નો મતલબ એ છે કે મનુષ્યો નું કાર્ય પણ એવું હોય છે જેવું જાનવરો નું કાર્ય હોય છે. બાકી એવું નથી કે મનુષ્ય કોઈ જાનવર બને છે. હવે આ તો મનુષ્યો ને ડરાવવા માટે શિક્ષા આપે છે. તો પોતે આ સંગમ સમય પર પોતાનાં જીવન ને પલટાવી પાપાત્મા થી પુણ્યાત્મા બનવાનું છે. અચ્છા - ઓમ્ શાંતિ.